ઉચ્ચતર પગાર ધોરણ તથા અન્ય લાભો
આપી સરકારશ્રીને નુકશાન કરવા બાબત.

ગુજરાત સરકાર
**નાણા વિભાગ**
પરિપત્ર ક્રમાંક:પગર-૧૦૨૦૨૧-ઓ-૧૫૪-મ
સચિવાલય ગાંધીનગર.
તા.૦૪/૦૬/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૧૬/૮/૧૯૯૪નો ઠરાવ ક્ર.પગર-૧૧૯૪-૪૪-મ
(૨) આ વિભાગનો તા.૨/૭/૨૦૦૭નો ઠરાવ ક્ર.પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ
(૩) ગુજરાત તકેદારી આયોગનો તા.૩૧/૮/૨૦૨૧નો પત્ર ક્ર.નણખ-૧૧૨૦૧૫-૭૧૩૬૧૫-બ

## પરિપત્ર

ઉચ્ચતર પગાર ધોરણ યોજના અંગેના તા.૧૬/૮/૧૯૯૪ તથા તા.૨/૭/૨૦૦૭ના ઠરાવોના ખોટા અર્થઘટન સંદર્ભમાં ગુજરાત તકેદારી આયોગ દ્વારા સંદર્ભ-૩ના પત્રથી આપવામાં આવેલા અવલોકનો સંદર્ભે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) જે કેસોમાં સંબંધિત કચેરીઓ દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાના ઠરાવોના ખોટા અર્થઘટનથી હુકમો થયેલ હોય, તે હુકમોની ચકાસણી માટે કેસો રજુ થાય તો તેની અધિકૃતતા આપતા પહેલાં પૂરતી ચકાસણી થાય, તેનું ચુસ્ત પાલન થાય અને આવી બાબતોનું પુનરાવર્તન ન થાય તે જોવું.

(૨) જે કેસોમાં સંબંધિત કચેરીઓ દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાના ઠરાવોના ખોટા અર્થઘટનથી હુકમો થયેલ હોય અને નિયમોનુસાર ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર ન થયેલ હોય તેવા કેસો રદ કરવાના થાય છે. આવા હુકમો રદ કરી આવી કાર્યવાહીના પરિણામે ખોટી ચુકવાયેલ કોઈ રકમ ધ્યાને આવે તો પગાર ધોરણ મેળવવા/મંજુર કરવાની દરેક અરજી સાથે આવી વધુ ચુકવાયેલ રકમ તે પરત ભરપાઈ કરવાની બાંહેધરી (Undertaking) લેવાયેલ હોય છે, તેનો આધાર લઈ તેઓને સાંભળવાની/રજુઆત કરવાની તક આપીને પરિણામલક્ષી કાર્યવાહી કરવા જરૂરી પગલાં લેવા.

ઉપરોક્ત મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગો તથા તેના હસ્તકના ખાતાના વડાઓ/કચેરીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.કે.ગલાણી)
ઉપ સચિવ
નાણા વિભાગ

---- પાછળ ----

**પ્રતિ,**

- સચિવાલયના સર્વે વિભાગો (તેમના હસ્તકના ખાતાના વડાઓ/કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ. (વેબસાઇટ પર મૂકવા સારુ)
- સિલેક્ટ ફાઇલ, મ-શાખા.